# ડિંડોલીમાં નવો રસ્તો બેસી જતાં 50થી વધુ કોન્ટ્રાક્ટરને નોટિસ

**તસવીરો** અને વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ મનપા તંત્રની કાર્યવાહી

સુરતઃ હજી ચોમાસાની બરાબર શરૂઆત થઈ નથી ત્યાં જ શહેરમાં રસ્તાઓ બેસી જવાની ઘટનાઓ બની રહી છે. ડિંડોલી વિસ્તારમાં માનસી રેસિડેન્સી સામે અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પાસે માત્ર 15 દિવસ પહેલાં જ કરોડો રૂપિયાના ખર્ચે બનેલો નવોનકોર રસ્તો અચાનક બેસી ગયો હતો. આ ઘટનાની તસવીરો અને વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ મનપા તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું.

રસ્તા પર ખોદાણ કર્યા બાદ એજન્સીઓ દ્વારા અપાતા 'વોટરિંગ સર્ટિફિકેટ'ના આધારે જ રી-સ્ટેટમેન્ટ થતું હોવા છતાં સર્જાયેલી આ બેદરકારીને ગંભીરતાથી લઈને ડ્રેનેજ વિભાગના કાર્યપાલક ઇજનેરે સપાટો બોલાવ્યો છે અને શહેરમાં ડ્રેનેજ તથા ટ્રેન્ચની કામગીરી કરતી 50થી વધુ એજન્સીઓ અને કોન્ટ્રાક્ટરોને નોટિસ ફટકારી દીધી છે.

ડ્રેનેજ વિભાગ દ્વારા ઇશ્યૂ કરાયેલી આ નોટિસમાં સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે, ચોમાસા દરમિયાન વરસાદને કારણે ખોદેલા રસ્તાઓ કે ટ્રેન્ચ લાઇન ક્યાંય પણ બેસી ન જાય તેની સંપૂર્ણ આર્થિક અને કાયદાકીય જવાબદારી કોન્ટ્રાક્ટરોની રહેશે. આ માટે એજન્સીઓએ પોતાના પ્રતિનિધિઓ દ્વારા સતત સ્થળ નિરીક્ષણ કરવાનું રહેશે અને હાલમાં જ્યાં પણ આવી સ્થિતિ સર્જાઈ છે તેને યુદ્ધના ધોરણે રિપેર કરવાની રહેશે. મનપાએ કડક ચેતવણી આપી છે કે જો આ સૂચનાઓનું પાલન કરવામાં કોઈ પણ પ્રકારની લાપરવાહી દાખવવામાં આવશે, તો ટેન્ડરની શરતો મુજબ કડકમાં કડક દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. સુરતમાં દર વર્ષે પ્રી-મોન્સૂન કામગીરી પાછળ કરોડો રૂપિયા ખર્ચાતા હોવા છતાં આવી ઘટનાઓ સામે આવે છે, ત્યારે મનપાનું આ કડક વલણ ભવિષ્યમાં કેટલું અસરકારક સાબિત થાય છે તે જોવું રહ્યું.

### જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરી અને કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરો: કોંગ્રેસ



સુરતના લિંબાયત ઝોન હેઠળ આવતા ડિંડોલી વિસ્તારમાં તાજેતરમાં જ લાખો રૂપિયાના ખર્ચે બનેલો નવો રોડ ભ્રષ્ટાચારની ભેટ ચઢી ગયો હોવાના ગંભીર આક્ષેપો સાથે કોંગ્રેસ પક્ષ આક્રમક મૂડમાં આવ્યો છે. વોર્ડ નં.27ના કોંગ્રેસ પ્રમુખ શૈલેષભાઈ ટંડેલની આગેવાની હેઠળ એક પ્રતિનિધિમંડળે સુરત મનપાના કાર્યપાલક ઈજનેર કામિની દોષીને રૂબરૂ મળીને લેખિત રજૂઆત કરી હતી. આ રજૂઆતમાં આક્ષેપ કરાયો છે કે પ્રમુખ પાર્ક રોડ પર શિવાજીનગર નજીક હલકી ગુણવત્તાના મટિરિયલને કારણે આખો રોડ બેસી ગયો છે અને તાજેતરમાં જ એક મોટી હાઈવા ટ્રક રોડમાં અડધે સુધી ફસાઈ જતાં મોટી દુર્ઘટના ટળી હતી. ચોમાસાની શરૂઆતમાં જ રોડ પર ઠેકઠેકાણે જીવલેણ ગાબડાં પડી જતાં સ્થાનિક રહીશો અને વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા છે, જેને લઈને કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મિલીભગતથી જનતાના ટેક્સના પૈસાનો સરેઆમ દુરુપયોગ થયો હોવાનો શાસક પક્ષ ભાજપ પર સીધો આક્ષેપ કરાયો છે. આ ગંભીર લાપરવાહી સામે કોંગ્રેસ સમિતિ દ્વારા પાલિકા તંત્ર પાસે મુખ્ય ત્રણ માંગણીઓ કરવામાં આવી છે, જેમાં ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરને તાત્કાલિક બ્લેકલિસ્ટ કરવાની, કોન્ટ્રાક્ટરની ડિપોઝિટ જપ્ત કરી એ જ ખર્ચે નવો ગુણવત્તાયુક્ત રોડ બનાવવાની તેમજ સાઇટ ઇન્સ્પેક્શન કરનાર જવાબદાર પાલિકાના એન્જિનિયર અને અધિકારીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરી કાનૂની કાર્યવાહી કરવાની માંગ સામેલ છે. કોંગ્રેસના પ્રવક્તા મુસદીક કાનુન્ગોએ ચીમકી આપતાં જણાવ્યું છે કે, જો આગામી દિવસોમાં આ મામલે તટસ્થ તપાસ કરી કડક પગલાં લેવામાં નહીં આવે, તો કોંગ્રેસ સમિતિ દ્વારા સ્થાનિક નાગરિકો સાથે મળી સુરત મનપા સામે જન આંદોલન કરવામાં આવશે. આ રજૂઆત પ્રસંગે શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલા સહિત સેવાદળના પ્રમુખ અને મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# UPI બંધ હોવા છતાં રૂ.2.98 લાખ ટ્રાન્સફર

**યોગીચોકના** વૃદ્ધે યોનો SBIની યોનો એપ ચાલુ કર્યાના 24 કલાકમાં જ રકમ ગાયબ

સુરતઃ શહેરના યોગીચોક વિસ્તારમાં રહેતા અને મૂળ જૂનાગઢના ૭૨ વર્ષીય નિવૃત્ત ખેડૂતને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાં યોનો એપ્લિકેશન શરૂ કરાવ્યાના ચોવીસ કલાકની અંદર જ અજાણ્યા ગઠિયાઓ તેમના ખાતામાંથી કુલ રૂ.૨,૯૮,૫૦૦ની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધી હતી.

યોગીચોક ખાતે 'વાસ્તુ પૂજન હાઈટ્સ' માં રહેતા વશરામભાઈ નારણભાઈ ઠુંમર (ઉ.વ.૭૨) તા. ૨૦/૦૫/૨૬ ના રોજ તેમની એસ.બી.આઈ. બેંક શાખામાં રૂબરૂ જઈને યોનો એપ ચાલુ કરવા અરજી આપી હતી. બીજા દિવસે સવારે એપ સક્રિય થતાં જ તેમના પર અલગ-અલગ અજાણ્યા નંબર પરથી હિન્દી ભાષામાં ફોન અને મિસ્ડ કોલ આવવાના શરૂ થયા હતા. સાંજે મોબાઈલ પર પહેલાં રૂ.૬૯,૫૦૦ના યુ.પી. આઈ. ટ્રાન્ઝેક્શન અને બાદમાં રૂ.૪૯,૫૦૦ના આઈ.એમ. પી.એસ. ટ્રાન્ઝેક્શનનો મેસેજ આવતા તેઓ ચોંકી ઊઠ્યા હતા. આ દરમિયાન ગઠિયાઓએ મેસેજ કરીને 'જો ટ્રાન્ઝેક્શન ન કર્યું હોય તો કોલ કરો' તેવી માયાજાળ પણ રચી હતી. પોતાની સાથે છેતરપિંડી થઈ રહી હોવાનો અહેસાસ થતાં જ નિવૃત્ત ખેડૂતે તુરંત ગુગલ પરથી એસ.બી. આઈ.નો ટોલ-ફ્રી નંબર મેળવીને બેંક ખાતાની તમામ ઓનલાઈન સેવાઓ બંધ કરાવી દીધી હતી. બેંક દ્વારા યુપીઆઈ સર્વિસ બ્લોક કરાઈ હોવાનો મેસેજ આવ્યા બાદ પણ, સાયબર ગુનેગારોએ ટેકનિકલ કરામતથી ખાતામાંથી ટુકડે-ટુકડે વધુ રૂ. ૧,૭૯,૫૦૦ ઉપાડી લીધા હતા.

# હોલમાર્ક વગરના 230 ગ્રામ સોનાના દાગીના જપ્ત

**નવાગામ**-ઉધના અને એલ.એચ. રોડની બે જ્વેલરી શોપ સામે BISની કાર્યવાહી



સુરતઃ ભારતીય માનક બ્યુરો (BIS) દ્વારા સુરતમાં હોલમાર્ક વગરના સોનાના આભૂષણોના વેચાણ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. BISના અધિકારીઓએ શહેરની બે જ્વેલરી દુકાનો પર દરોડા પાડી અંદાજે 230 ગ્રામ હોલમાર્ક વગરના સોનાના આભૂષણો જપ્ત કર્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર નવાગામ-ડિંડોલી રોડ, ઉધના સ્થિત મેસર્સ શ્રી માધવ જ્વેલર્સ તથા એલ.એચ. રોડ પર આવેલી મેસર્સ સિદ્ધનાથ જ્વેલર્સમાં 18 જૂનના રોજ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન બંને દુકાનમાંથી BIS હોલમાર્ક વગરના સોનાના દાગીના મળી આવ્યા હતા. જેમાં શ્રી માધવ જ્વેલર્સ પાસેથી આશરે 200 ગ્રામ અને સિદ્ધનાથ જ્વેલર્સ પાસેથી 30 ગ્રામ દાગીના જપ્ત કરવામાં આવ્યાં હતા.

હોલમાર્ક વગર સોનાના દાગીનાનું વેચાણ કાયદેસર ગુનો બને છે. ભારત સરકાર દ્વારા 6 સપ્ટેમ્બર, 2023થી સોનાના આભૂષણો અને કલાત્મક સોનાની વસ્તુઓ માટે હોલમાર્કિંગ ફરજિયાત કરવામાં આવ્યું છે. ગુજરાતના 27 જિલ્લામાં આ નિયમ અમલમાં છે અને સુરત પણ તેમાં સામેલ છે. નિયમો મુજબ કોઈપણ ઉત્પાદક અથવા વેપારી હોલમાર્ક વગરના સોનાના આભૂષણોનું વેચાણ કે સંગ્રહ કરી શકતો નથી. BIS અધિનિયમ-2016 મુજબ આ નિયમનો ભંગ કરનાર સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે. ગુનાહિત કૃત્ય બદલ એક વર્ષ સુધીની કેદ અથવા ઓછામાં ઓછો રૂ. 1 લાખનો દંડ, અથવા બંને સજાની જોગવાઈ છે.

### સુરત મહાપાલિકાની શું આ જ છે પ્રિ-મોન્સૂન કામગીરી?

# મજૂરા ગેટ પાસે 10 દિવસથી ગટરનું ઢાંકણું તૂટેલી હાલતમાં

**મજૂરા** ગેટથી ફાયર સ્ટેશન માર્ગ પર ખુલ્લી ગટર કોઈનો ભોગ લેશે



સુરતઃ ચોમાસાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરભરમાં પ્રિ-મોન્સૂન પ્લાન અંતર્ગત ડ્રેનેજ લાઈન અને સ્ટોર્મ ડ્રેન સહિતની વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી રહી હોવાના મોટા-મોટા દાવા કરવામાં આવી રહ્યા છે. પરંતુ, મનપાના દાવાઓ વચ્ચે મજુરા ગેટ વિસ્તારથી મજુરા ફાયર સ્ટેશન તરફ જતાં મુખ્ય માર્ગ પર આવેલું એક ખુલ્લું અને બિસમાર ગટરનું ઢાંકણ તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કરી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ ગટરનું ઢાંકણ છેલ્લા દસ દિવસથી તૂટી ગયેલી અને એકદમ કોહવાયેલી હાલતમાં પડ્યું છે. આઈટીઆઈ કોલેજની બિલકુલ સામે આવેલા ભારે વ્યસ્ત માર્ગ પર હોવા છતાં, અત્યાર સુધી પાલિકાના કોઈ પણ જવાબદાર અધિકારી કે સુપરવાઈઝરની નજર આ જીવલેણ જોખમ પર પડી નથી. આખો દિવસ વાહનો અને રાહદારીઓથી ધમધમતા આ મુખ્ય એરિયામાં ખુલ્લી ગટર લાંબા સમયથી મોટા અકસ્માતને ખુલ્લું આમંત્રણ આપી રહી છે, જેને લઈને સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિકો માંગ કરી રહ્યા છે કે ચોમાસા પહેલાં જ આ ગંભીર જોખમને તાત્કાલિક અસરથી દૂર કરવું અત્યંત જરૂરી છે. જો આગામી દિવસોમાં વરસાદ દરમિયાન રસ્તા પર પાણી ભરાશે તો કોઈનો જીવ જશે.

# શાસકોએ ભાવ ફેર મુદ્દે બે રોડના કામોની ફાઈલ પરત કરી

**ઉધના**-સરથાણા ઝોનના સમાન કામોમાં ભાવ તફાવત સામે ચેરમેન રાજન પટેલે સવાલો ઉઠાવ્યા

સુરતઃ જાહેર રસ્તાના સમાન પ્રકારનાં કામોમાં ભાવ તફાવત સામે સ્થાયી સમિતિએ સખત વલણ અપનાવી એક કામમાં વધુ ડિસ્કાઉન્ટ અપાવ્યું હતું, જ્યારે બીજા કામની ફાઈલ વહીવટી તંત્રને પરત મોકલી આપી હતી.

ગુરુવારે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં રાંદેર ઝોન વિસ્તારમાં ટી.પી. રસ્તાઓના કામ માટે દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. આ કામ માટે ચાર ઈજારદારે ટેન્ડર ભર્યાં હતાં. અંદાજિત રૂ.12.07 કરોડના આ કામ માટે સૌથી નીચા ભાવના ઈજારદાર સુનીલ દોમડિયાએ 5.30 ટકા નીચા ભાવે રૂ.11.43 કરોડમાં કામ કરવાની તૈયારી દર્શાવી હતી.

જો કે, સરથાણા ઝોનમાં આવા જ પ્રકારના કામ માટે 8.21 ટકા નીચા ભાવે ટેન્ડર મંજૂર થયાનું ધ્યાન પર આવતાં સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલે ભાવ તફાવત અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો. ચર્ચા બાદ ઈજારદારે 7 ટકા નીચા ભાવે કામ કરવા સંમતિ આપી હતી. ઉપરાંત સરથાણા ઝોનમાં ઈજારદારે 12.60 ટકા નીચા ભાવે એટલે કે રૂ.22.02 કરોડમાં કામગીરી કરવાની તૈયારી દર્શાવી હતી. જ્યારે ઉધના ઝોનમાં કામ માટે માત્ર 5 ટકા નીચા ભાવે એટલે કે રૂ. 21.83 કરોડમાં કામ કરવાની ઓફર કરાતાં ફાઈલને પરત મોકલી દેવામાં આવી હતી.

# સચિનમાં શ્રમજીવી યુવકે ફાંસો ખાઈને આપઘાત કર્યો

સુરતઃ સચિનમાં શ્રમજીવી યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશના વતની ચંદન મગરુભાઈ પ્રજાપતિ (ઉ.વ.21) હાલમાં સચિન સુડા સેક્ટર 2માં આવેલી સાંઈનાથ સોસાયટીમાં રહેતો હતો. તે સિલાઈ મશીનના ખાતામાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. કાલે રાત્રે ચંદને ઘરમાં પંખા સાથે રૂમાલ બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

# વરાછામાં બે વર્ષની દીકરીની હત્યા કરનાર માતાના જામીન નકારાયા

સુરતઃ માર્ચ-૨૦૨૬મા બે વર્ષની માસૂમ દિકરીની નિર્દયતાથી હત્યા કરનાર વરાછા વર્ષા સોસાયટીની રહીશ લખીબેન પૂના સોલંકીની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. આ ગુનામાં આરોપી લખીબેન પર આરોપ હતો કે આરોપી માતાએ પોતાની બે વર્ષની પુત્રીને જમવા બાબતે ગંભીર રીતે માર મારતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ આ બાળકીનું મોત થયું હતું. આરોપી લખીબેને જામીન મુક્ત થવા માટે સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. ફરિયાદ પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલા હાજર થઈ જામીન અરજીનો વિરોધ કરતું તપાસ અધિકારીનું સોંગદનામુ રજૂ કરી દલીલ કરી હતી કે કેસની ગંભીરતા, બાળકીના મોતની ઘટનામાં આરોપીની સીધી સંડોવણી હોવાથી જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ આરોપી લખીબેન પૂનાભાઈ સોલંકીની જામીન અરજી ફગાવી દીધી હતી.

### ભાગીને લગ્ન કરી લેનારાઓ માટે આંખ ઉઘાડનારો કિસ્સો

# હું મારા માતા-પિતા સાથે ખુશ છું, મારે તમારી સાથે રહેવું નથી

**મંદિરમાં** લગ્ન કરી યુવકે પત્નીનો કબજો મેળવવા કોર્ટમાં સર્ચ વોરંટ માટે અરજી કરી હતી, આખરે પાછી ખેંચી લેવી પડી

**યુવતીએ** માતા-પિતા સાથે ખુશ છે અને કોઈ પણ પ્રકારની બળજબરી તે રહેતી નથી તેવું કહ્યું

સુરતઃ મધ્યપ્રદેશથી ભાગીન સુરત આવ્યા બાદ મંદિરમાં લગ્ન કરનાર યુવતીના પતિએ સુરત કોર્ટમાં સર્ચ વોરંટ માટે અરજી કરી હતી. જેની સુનાવણી દરમિયાન વિડિયો કોન્ફરન્સથી હાજર રહીને યુવતીએ પતિ સાથે રહેવાની ના પાડી દેતા આખરે પતિએ સર્ચ વોરંટ અરજી પરત ખેંચી લીધી હતી.

અમરોલી મુકામે રહેતા યુવકે મધ્યપ્રદેશના હરદા જિલ્લામાં રહેતી યુવતીને મધ્યપ્રદેશથી સુરત લાવીને તા. ૨૨-૫-૨૦૨૬ના રોજ વરાછા મુકામે મંદિરમાં લગ્ન કર્યા હતાં. બીજા જ દિવસે યુવતીનો પરિવાર પોલીસ સાથે આવી યુવતીને લઈ ગયો હતો. જેથી પતિમિત્રે કોર્ટમાં પત્નીનો કબજો મેળવવા માટે અરજી કરી હતી. આ અરજીની સુનાવણી દરમિયાન યુવતી પક્ષે એડવોકેટ ભાવેશ કુલકર્ણી હાજર રહી યુવતીની એફિડેવિટ રજૂ કરી પોતાનું બળજબરીથી અપહરણ કરી સુરતમાં મંદિરમાં ખોટી રીતે લગ્ન કરી ગુજરાતી કાગળો પર તેની મરજી વિરુદ્ધ સહી લીધી હોવાની રજૂઆત કરી હતી. તેમજ યુવતીને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી હાજર રાખવા વિનંતી કરી હતી. જેથી કોર્ટે દલીલોને ધ્યાને રાખી યુવતીને વિડિયો કોન્ફરન્સ મારફતે હાજર થવાની મંજૂરી આપી હતી.

જેમાં યુવતીએ પોતાના માતા-પિતા સાથે ખુશ છે અને કોઈ પણ પ્રકારની બળજબરીપૂર્વક તે રહેતી નથી અને પોતે અરજદાર યુવક સાથે જવા માંગતી ન હોવાનું સ્પષ્ટ રજૂઆત કરી હતી. આખરે અરજદાર યુવકે સર્ચ વોરંટની અરજી પરત ખેંચી લીધી હતી.

# લિંબાયતમાં કિશોરીનું તાવમાં મોત

સુરતઃ મળેલી માહિતી મુજબ, લિંબાયત વિસ્તારમાં આવેલા રત્નાચોક પાસે સહેતા સુરેશભાઈ સુરતીની 17 વર્ષીય પુત્રી ઈશા, બે વર્ષ પહેલા ધોરણ 10માં નાપાસ થઈ ગઈ હતી. જેથી તેણીએ ભણવાનું છોડી દીધુ હતું. ત્યારબાદ તે રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતી હતી. તેને બે દિવસથી તાવ આવી રહ્યો હતો. જેથી પરિવારજનો મેડિકલ સ્ટોર પરથી દવા લાવીને તેને આપતા હતા. જોકે ગુરુવારે વહેલી સવારે 4 વાગ્યાના સુમારે ઊંઘમાં ઈશાની તબિયત લથડતા પરિવારજનો તેને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે ઈશાને મૃત જાહેર કરી હતી.

# હત્યા કેસમાં આરોપીએ કરેલી જામીન અરજી નામંજૂર

**યુવતીને** ભગાડી જનાર યુવકની માહિતી કઢાવવા બનેવીને ઉપાડી જઈ માર મારી નહેરમાં ફેંકી દીધો હતો

સુરતઃ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણ-હત્યા કેસનાં આરોપીની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. આરોપી કપીલ કોલડીયા સામે આક્ષેપ હતો કે ફરિયાદીનો ભાઈ એક આરોપીની બહેનને ભગાડી ગયો હોય જેની માહિતી કઢાવવા માટે આરોપીઓએ ફરિયાદીનાં પતિ પ્રમોદ ચૌધરીનું કારમાં અપહરણ કરીને અલગ-અલગ સ્થળે લઈ જઈ લોખંડના સળીયા અને ઢીકામુક્કીનો માર મારતાં બેભાન થઈ જતાં તેને પીપોદરા કેનાલમાં ફેંકી દેવામાં આવ્યો હતો, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું. આ કેસમાં આરોપી કપીલ લાલજીભાઈ કોલડીયાની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં જામીન પર છૂટવા માટે આરોપી કપીલે કોર્ટમાં જામીન અરજી રજુ કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ રાજેશ ડોબરીયા એ તપાસ અધિકારીની એફિડેવિટ રજૂ કરી દલીલ કરી હતી કે આરોપી વિરુદ્ધ અન્ય ગુના નોંધાયેલા છે. આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવે તો સાક્ષી, ફરિયાદી પક્ષને ધમકી આપવાની, પ્રભાવિત કરવાની અથવા ન્યાયિક કાર્યવાહીથી દૂર ભાગી જવાની શક્યતા નકારી શકાય તેમ નથી. આ કેસમાં આરોપીએ અગાઉ હાઈકોર્ટમાં કરેલી જામીન અરજી પરત ખેંચી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે ગુનાની ગંભીરતા ને ધ્યાને રાખી આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

# ડિંડોલીના આધેડે ગેસના ગોડાઉનમાં ફાંસો ખાધો

સુરતઃ ડિંડોલીના યુવકે સચિનમાં ગેસ એજન્સીના ગોડાઉનમાં ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું. એજન્સીના માલિક દ્વારા સતત માનસિક ત્રાસ અપાતો હોવાના આક્ષેપ સાથે પરિવારે પોલીસ કાર્યવાહીની માંગ કરી હતી. મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની હાલ કરડવા રોડ ઉપર ગાયત્રી કૃપા રેસિડેન્સીમાં રહેતા શરદ એકનાથ પાટીલ (ઉ.વ.46) જીયાવ રોડ ખાતે આવેલી મિતાલી ગેસ એજેન્સીમાં સિલિન્ડરના ડિલિવરીનું કામ કરતાં હતા. સવારે નોકરી પર ગયા બાદ તેઓ પરત નહીં આવતા તેમના પત્નીએ ઓફિસે ફોન કર્યો હતો. સહકર્મીઓએ તપાસ કરતાં સચિન હોજીવાલા રોડ નંબર-15 પર આવેલી ગેસ એજન્સીના ગોડાઉનમાં ઝાડ સાથે દોરી બાંધીને ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા.


